# વર્ષોથી અદ્રશ્ય ૨૨/૨૯ બસ સ્ટેન્ડ ક્યારે બનશે ? રાહ જોતા મુસાફરો

## ૨૧/૩૦ ના માથે છાપરૂ નથી ને ૨૨/૨૯ બસ સ્ટેન્ડ આખે આખુ નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં એસ.ટી. બસ સેવાને લઈ અનેક વખત નાગરિકોમાં ફરિયાદ ઉઠવા પામી છે. ઘણી વખત બસ ઉભી ન રહેતા મુસાફર વંચિત રહી જાય છે. સેક્ટરોમાં નાગરિકોને ઘર પાસેથી એસ.ટી.ની સવારી નશીબ થાય તે માટે તંત્ર દ્વારા બસ સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે. પરંતુ ૨૨/૨૯ નું બસ સ્ટેન્ડ છેલ્લા કેટલાય વર્ષોથી અદ્રશ્ય થઈ ગયું છે. ૩૦/૨૧ ના બસ સ્ટેન્ડનું છાપરૂ જ નથી. જેના કારણે મુસાફરોની નજીકની સેવા છીનવાઈ જવા પામી છે.

ગાંધીનગરથી અમદાવાદ રોજના ૪૦ હજારથી વધુ મુસાફરો અપડાઉન કરે છે અને મોટા ભાગના મુસાફરો એસ.ટીને સલામત સમજી સવારી કરે છે. સેક્ટરના રહિશોને મુખ્ય બસ સ્ટેશન કે ઘ-રોડના બસ સ્ટેન્ડ પર ન આવવું પડે તે માટે તંત્ર દ્વારા સેક્ટરમાં સર્વિસ આપવામાં આવે છે.

પરંતુ કેટલાક સેક્ટરના રહિશોને સેક્ટરની બસમાં બેસવા માટે તડકામાં, વરસતા વરસાદમાં ઉભા રહેવું પડે છે. ઘ-૬ થી ચ-૬ અને ચ-૬ થી છ-૬ વચ્ચે મુસાફરો માટે એસ.ટી. સ્ટેન્ડ જ અદ્રશ્ય થઈ ગયું છે અને તેના કારણે મુસાફરોને તડકામાં ઉભા રહેવું પડે છે. ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસે સ્ટેન્ડ છે પરંતુ ઉપરનું છાપરૂ નાંખવા તંત્ર પાસે સમય નથી.

ત્યારે ૨૨/૨૯ બસ સ્ટેન્ડ તો વર્ષોથી ગાયબ થઈ ગયું છે. બહાર ગામથી આવેલા વ્યક્તિને ૨૨/૨૯ સ્ટેન્ડ બતાવવામાં આવે તો ગોથે ચડે છે. સેક્ટરના દરરોજ અપડાઉન કરતા મુસાફરોએ અનેક વખત ફરિયાદ કરી છે પરંતુ સંબંધિત તંત્રને ઉકેલ લાવવા માટે સમય નથી. તંત્રને તો આ બસ સ્ટેન્ડ ક્યા ગયુ, કોઈ લઈ ગયું છે. સ્ટેન્ડને પગ આવ્યા તે પણ જાણવાનો સમય નથી.

બસ સ્ટેન્ડના અભાવે અનેક મુસાફરો હાલાકી ભોગવી રહ્યા છે. ફિક્સ બસ સ્ટેન્ડ ન હોવાથી બસ નિયત જગ્યાએ ઉભી રહેતી નથી. પરિણામે ડ્રાઈવર અને મુસાફરો વચ્ચે જીભાજોડી પણ થાય છે. ત્યારે ૨૨/૨૯ બસ સ્ટેન્ડ પર અને ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પર તંત્ર ક્યારે મહેરબાન થાય છે. જો ઝડપથી થશે તો નાગરિકોની સમસ્યાનું નિરાકરણ આવશે નહિ તો જૈસે થે.

# ચિલોડામાં ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો ન મળતાં કફોડી હાલત

## એક તરફ પાછોતરા વરસાદે તૈયાર થયેલો કપાસનો પાક બગાડયો બીજી તરફ સરકારની નીતિના કારણે પોષણક્ષમ ભાવો મળતાં નથી : ચિલોડામાં સીસીઆઈનું કેન્દ્ર સ્થાયી ટેકાના ભાવે ખરીદી કરાય તેવી ખેડૂતોમાં માંગ

ચિલોડા, તા.૧૪

સમગ્ર ચિલોડા પંથકમાં આ વર્ષે કપાસનું વાવેતર ખૂબ સારા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. આ વાવેતરને જ્યારે પાક રૂપે ઉતારો લેવાનો વારો આવ્યો ત્યારે પ્રથમ વીણી વખતે જ પડેલા પાછોતરા વરસાદને કારણે પાકને ભારે નુકશાન થવાથી ઉત્પાદન વિપરીત અસર પડી હતી. અધુરામાં પુરૂં હવે બજારમાં પણ કપાસના પોષણક્ષાણ ભાવો ન મળતાં ખેડૂતો કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા છે અને ભારે આર્થિક નુકશાન વેઠવાનો વારો આવેલ છે.



એક તરફ પાછોતરા વરસાદે કરેલા નુકસાન ઉપરાંત કપાસની ખેતી લાંબા ગાળાની હોવાથી ખેતી ખર્ચ અને ઉત્પાદન ઉપજ વચ્ચેના તફાવત સાથે પોષણક્ષમ ભાવો ના મળતા તે ખેડૂતોને આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવી રહ્યો છે. કપાસના ઉત્પાદનમાં મોંઘુદાટ બિયારણ, જંતુનાશક દવાઓ અને ખાતરનો ખર્ચ વેઠવા છતાં ઉપજમાં દમ ના દેખાતા કિસાનો નિરાશ થવા પામ્યા છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો અપાવવામાં સરકારની નીતિ અંગે ભારે રોષ અને અસંતોષ થવા પામ્યો છે. વિરોધ પક્ષ દ્વારા વિધાનસભાના ટૂંકા ગાળાના સત્રમાં પણ ખેડૂતોને પોષમક્ષણ ભાવો ન મળવા બાબતનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. હાલમાં ખેડૂતોને કપાસના ૨૦ કિલોના માત્ર રૂ. ૮૦૦ મળી રહ્યા છે જે કોઈ પણ સંજોગોમાં ખેતી કરવા લાયક ભાવ નથી. આમતો ખેડૂતો આ ભાવે નુક્સાન વેઠવા રાજી નથી છતાં વેચાણ કરવું પડી રહ્યું છે. સરકારનીનીતિના કારણે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો દિવસો આવ્યા છે. હવે સરકાર સત્વરે ટેકાના ભાવ નક્કી કરે અને ચિલોડા ખાતે સીસીઆઈનું કેન્દ્ર બનાવી ખરીદીની તજવીજ કરે તેવી ખેડૂતોમાં માંગ ઉઠવા પામી છે.


(તસવીર : નટુભાઈ પટેલ)

# રખિયાલ પોલીસ સ્ટેશનનો જમાદાર લાંચ લેતા ઝડપાયો

## મારામારીના ગુનાના આરોપીને છોડવા એક લાખની માંગણી કરી હતી : વચેટીયા મારફતે રૂપિયા મંગાવ્યા હતા

ગાંધીનગર, તા. ૧૪


ગાંધીનગર જિલ્લાનાં દહેગામ તાલુકામાં સ્થિત બિલમણા ગામમાં ધનતેરસે એક કૌટુંબીક ઝગડો થયો હતો. જે કેસમાં આરોપીને છોડવા માટે રખિયાલ પોલીસ સ્ટેશનના જમાદાર અમરતભાઈએ રૂ. ૧ લાખની લાંચ માંગી હતી. જે પૈકી રૂ. ૪૫૦૦ માં સેટલમેન્ટ થયુ અને એક વચેટીયા મારફતે રૂપિયા માંગવામાં આવી રહ્યા હતા. ગાંધીનગર એસીબીએ રેકોર્ડીંગ ગોઠવીને જમાદાર સહિત બે સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

દહેગામના બિલમણા ખાતે રહેતા દિપસિંહ વાલાજી પરમારને ધનતેરસે કૌટુંબીક ઝઘડો થયો હતો. તેની તપાસ રખિયાલના જમાદાર અમરતભાઈ પરમારે ચલાવી હતી. જમાદારે કહ્યું હતું કે 'તમે એક બેનને મારી છે એટલે કોઈને નહી છોડુ. છુટવા માટે ૧ લાખ રૂપિયા થશે' એમ કહીને લાંચની માંગણી કરી હતી ત્યાર બાદ આ મામલો સેટલમેન્ટ બાદ ૫૦ હજાર ત્યાર બાદ ૨૦ હજાર અને છેલ્લે ૧૦ હજારે આવ્યો હતો. અંતે રૂ. ૪૫૦૦ માં સેટલમેન્ટ કરાયુ હતુ અને તે જ વખતે ૨ હજાર લઈ લીધા હતા. આ રૂપિયા ગામના સરપંચ અથવા વચેટીયા ગુલુ ઉર્ફે ગુલ મહોમદ મારફતે મોકલી દેવા જણાવ્યુ હતુ. આ મામલે એસીબીમાં અરજી કરતા પી.આઈ. એમ.જે. ક્રિશ્ચીયને રેકોર્ડીંગ ગોઠવીને જમાદાર સહિત બે સામે ગુનો દાખલ કર્યો છે અને ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# દશગામ ગોસ્વામી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

શ્રી ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી સમાજનો તૃતિય સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવનાર છે. આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ કલોલ તાલુકાના જામળા ગામે આવેલ આસુદેવ મહાદેવની પાવન ધરતી પર યોજાશે ત્યારે ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા જ્ઞાતિબંધુઓએ પોતાના દિકરા-દિકરીના લગ્ન સમૂહ લગ્નમાં કરાવવા ઈચ્છુક હોય તેમણે તા. ૧૫ જાન્યુઆરી-૨૦૧૫ સુધી નામ નોંધાવવા મંડળના પ્રમુખે જણાવ્યું છે.



## વાહનચાલકોનું ડાયાબિટીશ ચેક અપ કરી ૧૦૮ની ટીમે ડાયાબીટીશ ડે ઉજવ્યો

વર્લ્ડ ડાયાબિટીશ ડે નિમિત્તે ગાંધીનગર ૧૦૮ની ટીમ દ્વારા ઘ-૩ સર્કલ પાસે ડાયાબિટીશ ચેક અપ કેમ્પનું આયોજન કર્યું હતું. રિક્ષા ચાલકો ઉપરાંત ઘ માર્ગથી પસાર થતા તમામ વાહનચાલકોનું ઈન્સ્ટન્ટ ડાયાબિટીશ ચેક અપ કરી આપવામાં આવ્યું હતું. જેને ડાયાબિટીશ જણાઈ આવ્યું હતું તે વાહનચાલકોને ડોકટરની સલાહ લેવા પણ સુચન કરવામાં આવ્યું હતું.

# શાંતિગ્રામ અદાણીના મજૂરની હત્યા ચોર સમજીને કરાઈ હતી..!

## જાસપુર છાપરામાં પહોંચી ગયેલા મજૂરને ચોર સમજીને માર્યો ને સવારે મોતને ભેટ્યો : ઓડીસાના વતનીની ભાષા ન સમજાતા બનાવ બન્યો : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક ત્રણેક દિવસ પહેલા શાંતિગ્રામ અદાણી પાસે એક મજૂરની હત્યા થઈ હતી. આ ગુનાનો ભેદ અડાલજ પોલીસે ઉકેલી નાંખ્યો છે. હકીકત એવી બહાર આવી છે કે ઘટનાના બે દિવસ પહેલા જ મજૂર ઓડીસાથી આવ્યો હતો. રાત્રે ચાલતો ચાલતો જાસપુર પાસે છાપરામાં પહોંચી ગયો અને તેને ચોર સમજીને ઢોર માર મારવામાં આવ્યો હતો. જેને પગલે મજૂરનું મૃત્યુ થઈ ગયું હતું. અડાલજ પોલીસે હત્યાના ગુનામાં એક યુવાનની ધરપકડ કરી લીધી છે.

ઓડીસાથી ૯મી તારીખે મજૂરી કામ કરવા કલ્યાણ નામનો મજૂર અદાણી શાંતિગ્રામ લેબર કોલોનીમાં આવ્યો હતો અને બે દિવસ બાદ રાત્રે ચાલતો ચાલતો જાસપુર ગામના બજાણીયાના છાપરામાં વિષ્ણુ આત્મારામ દંતાણીના ઘરે પહોંચી ગયો હતો. ભાષાની અજ્ઞાનતા તેને નિર્દોષ સાબિત ન કરી શકી અને ચોર માનીને લોકોએ તેને ખુબ માર્યો હતો. અંતે અદાણી શાંતિગ્રામના સિક્યુરીટી જોડે લઈ જવાયો પરંતુ બે દિવસ પહેલા જ ઓડીસાથી આવ્યો હોવાથી તે લોકો પણ મજૂરને ઓળખી ન શકતા મજૂરને પાછો જાસપુર લઈ જવામાં આવ્યો હતો. મોડી રાત્રે વિષ્ણુ મજૂરને લેબર કોલોની પાસે ઘાયલ હાલતમાં છોડી આવ્યો અને અંતે સારવારના અભાવે તેનુ મોત થયું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. અડાલજ પોલીસે વિષ્ણુની ધરપકડ કરીને વધુ તપાસ આરંભી છે.

# શહેરની મુકબધીર યુવતીને ૧૮૧નાં કાઉન્સીલરે તણાવમુકત કરી

## સતત મુંઝાતી યુવતીનો સ્વભાવ ચિડીયો બની જતાં તોડફોડ અને મારઝુડ કરવા માગતી હતી : અઢી કલાક કાઉન્સીલીંગ બાદ યુવતી મુંઝવણોની ખાણમાંથી બહાર આવી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં રહેતી એક મુકબધીર યુવતી સતત મુંઝાતી રહેતી હતી અને મનોમન એમ માની રહી હતી કે તેની ઘરના સભ્યો અવગણના કરે છે જેને કારણે તેનો સ્વભાવ પણ ચિડીયો બની ગયો અને ઘરમાં તોડફોડ અને મારઝુડ કરવા લાગી...! યુવતીની માતાએ ના છુટકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો અને સમાધાન મળી ગયું...!

મુકબધીર યુવતી કે જે બોલી કે સાંભળી શકવાની શકિત ધરાવતી નથી તેણીએ થોડા દિવસોથી ઘરમાં કોઈ પણ ચિજવસ્તુ ફેંકીને તોડી નાંખવી કોઈને પણ મારવું જેવી અસાધારણ હરકતો શરુ કરી દીધી હતી. જેને કારણે ગઈ કાલે તેણીની માતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. ૧૮૧ની ગાંધીનગર ટીમનાં કાઉન્સીલર ટીમ સાથે પહોંચી ગયા હતા. કાઉન્સીલર માટે પણ આ જ એક પડકાર હતો કેમ કે યુવતી બોલી-સાંભળી શકતી ન હતી એક કાગળ અને પેન લઈને અઢી કલાક સુધી તેણીનું કાઉન્સેલીંગ કર્યું અને યુવતીને જે મુંઝવણો ઘર કરી ગઈ હતી તેનું સમાધાન કરવામાં આવ્યું હતું. અંતે યુવતીએ પોતાની ભુલ સ્વિકારીને હવેથી આમ નહીં કરે તેમ જણાવ્યું હતું.

# સે-૨૪માં શાકભાજીના વજનમાં ઘાલમેલ થતી હોવાની ગૃહિણીઓની બુમરાણ

## ભાવ ઓછો કરી વજનમાં થતી છેતરપીંડી તોલમાપ વિભાગ દ્વારા ખાનગી તપાસની માંગ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૨૪નાં શાકમાર્કેટમાં દૈનિક મોટી સંખ્યામાં શાકભાજીનું વેચાણ થાય છે. નિયમિત શાકભાજી ખરીદતી ગૃહીણીઓ અન્ય શાકમાર્કેટના શાકભાજીના ભાવો કરતાં ઓછા ભાવે શાકભાજી મળી રહેતા સંતોષ વ્યક્ત કરતી હતી. પરંતુ શાકભાજીનું ઘરે લાવી વજન કરતા ગૃહીણીઓ ચોંકી ઉઠી હતી. એક કિલોએ લગભગ ચારસો ગ્રામ જેવુ વજન ઘટતા મહિલાને છેતરાતી હોવાનો અહેસાસ થયો હતો. આમ ઓછા ભાવની લાલચ આપી વજનમાં છેતરપીંડી કરી છેવટે વધુ રકમ કંખેરી લેવાતી હોવાની બુમરાણ ઉભી થઈ છે. જો કે આ અંગે તોલમાપ વિભાગ ખાનગી રાહે તપાસ હાથ ધરે તે ઈચ્છનીય બન્યું છે.

નગરના મુખ્ય ગણાતા બે શાકમાર્કેટ પૈકી સેક્ટર-૨૪માં વ્યાજબી અને સસ્તી શાકભાજી મળતી હોવાની એક ધારણા મુજબ દૈનિક ભારે ખરીદારી આ શાકમાર્કેટમાં રહે છે. સાંજના સમયે ભરચક રહેતા આ શાકમાર્કેટમાં ગૃહીણીઓ ભાવ બાબતે રકઝક કરી અને સસ્તા ભાવે શાક મળ્યાનો સંતોષ વ્યક્ત કરતી હોય છે. સેક્ટર-૨૪ ના આ શાકમાર્કેટમાં તાજી અને સ્વચ્છ શાકભાજી મળતી હોવાથી આજુબાજુના સેક્ટરો તથા દુરદુરથી પણ ગૃહીણીઓ શાકભાજી ખરીદવા ઉમટે છે.



ગૃહીણીઓ જ આદત મુજબ ભાવ ઓછા કરવા એ તેમનો આત્મસંતોષ બનતો હોવાથી શાકના વેપારી પણ ભાવ ઓછો કરી શાકભાજી વેચે છે. દૈનિક ચાલતા આ નિત્યક્રમમાં અચાનક એક ગૃહીણીએ ખરીદેલા શાકભાજીનું ઘરે આવી વજન કરતા ૧ કિલોગ્રામે ૪૦૦ ગ્રામની ઘટ નજરે પડી હતી અને વેપારીઓની આ છેતરવાની પદ્ધતિથી ચોંકી ઉઠી હતી. જેથી અન્ય લોકોને વાત કરતાં રીટાબેન પટેલ નામની ગૃહીણી ઈરાદાપૂર્વક શાકભાજી ખરીદી અને ઘરે લાવી વજન કરતાં તેમાં પણ ઘટ પડી હતી. જેથી સેક્ટર-૨૪ના શાકમાર્કેટમાં વજનમાં છેતરપીંડી થતી હોવાની ઠેરઠેર બુમરાણ મચી ગઈ છે.

તોલમાપ તંત્ર ગ્રાહકોના હિત સંદર્ભે જાગૃત બની ખાનગી રાહે તપાસ હાથ ધરે તે ઈચ્છનીય બન્યું છે. તેમજ છેતરપીંડીની રકમનો આ મુદ્દો લાખ્ખો રૂપિયામાં તબદીલ થતાં હોવાની ગણતરીઓ મંડાઈ છે. નગરજનોના હિતાર્થે યોગ્ય પગલાં લઈ આ બદી દૂર કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૪
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૫૫ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હેદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હેદર : ૪.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીલ/દિલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
જુરાસિક એટેક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ધ શૌકિન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મિથુન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

**કર્ક** : વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

**સિંહ** : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે.

**કન્યા** : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

**વૃશ્ચિક** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

**મકર** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

**મીન** : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ.નરેશભાઈ હરજીવનભાઈ પરમાર (ઉ.વ.૫૨) ૫૦, ડબલ ડેકર, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. મણીબેન નારણભાઈ ઠાકોર (ઉ.વ.૭૦) ગામ - ડાંગરવા, તા. કડી, જી. મહેસાણા
- સ્વ. શનાભાઈ ભગાભાઈ વાઘેલા (ઉ.વ.૮૧) મુ. પો. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ રામજીભાઈ પટેલ (ઉ.વ.૮૨) પ્લોટ નં. ૬૮૬/૨, સેક્ટર-૧ ૩એ ગાંધીનગર
- સ્વ. મણીલાલ મફતલાલ પરમાર (ઉ.વ.૮૦) મુ. બોરીજ, નવાપરા, સરકીટ હાઉસ, ગાંધીનગર